**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૪ ટકા

# આવતીકાલે કામિકા એકાદશી વ્રત

## કામિકા એકાદશી વ્રતમાં શંખ, ચક્ર, ગદાધારી વિષ્ણુ ભગવાનની પૂજા થાય છે

અષાઢ માસ ના કૃષ્ણ પક્ષ ની એકાદશીનું નામ કામિકા એકાદશી છે. આ એકાદશીની કથા સાંભળવા માત્રથી વાજપેય યજ્ઞ નું ફળ મળે છે. કામિકા એકાદશી વ્રતમાં શંખ, ચક્ર, ગદાધારી વિષ્ણુ ભગવાનની પૂજા થાય છે. જે મનુષ્ય આ અગિયારસના દિવસે વ્રત કરીને ભક્તિપૂર્વક તુલસી ભગવાન વિષ્ણુને અર્પણ કરે છે, તેઓ આ સંસારના સમસ્ત પાપોથી દૂર રહે છે. જે આ અગિયારસની રાત્રે ભગવાનના મંદિરમાં દીવો પ્રગટાવે છે તેમના પિતૃ સ્વર્ગલોકમાં અમૃતપાન કરે છે તથા જે ઘી કે તેલનો દીવો કરે છે તેઓ સૌ કરોડ દીવાઓથી



પ્રકાશિત થઈ સૂર્યલોક જાય છે.

જુલાઈ મહિનો વરસાદ સાથે અનેક તહેવારો અને ઉપવાસ લઈને આવે છે. આ મહિનામાં ચોમાસું ચરમસીમા પર હોય છે અને આ મહિનાથી શિવનો પ્રિય મહિનો શ્રાવણ પણ શરૂ થાય છે, જેના કારણે ચારેબાજુ હરિયાળી જ જોવા મળે છે.આ દિવસોમાં ભગવાન વિષ્ણુ નિદ્રા અવસ્થામાં હોય છે. આ સમય દરમિયાન કરવામાં આવતી પૂજાનું મહત્વ વધુ વધી જાય છે. આ સમય દરમિયાન કરવામાં આવતી પૂજા અને ઉપાયોથી વ્યક્તિની તમામ સમસ્યાઓ દૂર થાય છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર કામિકા એકાદશી પર આ ઉપાયો કરવાથી વ્યક્તિની તમામ સમસ્યાઓમાંથી મુક્તિ મળે છે.

### એકાદશીનું શુભ મુહૂર્તઃ

**એકાદશી તિથિ પ્રારંભ-**
શરૂઆત ૧૨ જુલાઈ, બુધવાર સાંજે ૫:૫૯ મિનિટ
સમાપ્ત ૧૩ જુલાઈ, ગુરૂવાર સાંજે ૬: ૨૪ મિનિટ
**પારણાનો સમય**
૧૪ જુલાઈ સવારે ૫:૩૨ થી સવારે ૦૮:૧૮
**પારણાની તિથિનો દિવસ દ્વાદશી સમાપ્ત થવાનો સમય-**
૦૭.૧૭ સાંજે અને ઉપવાસ ૧૩ જુલાઈ ગુરૂવારે કરવો.

### વ્રતનું મહત્વ -

ધાર્મિક માન્યતા મુજબ સૌથી પુણ્ય સુવર્ણ દાન અને જમીન દાનને માનવામાં આવે છે. એવુ કહેવાય છે કે જે પણ જાતક સુવર્ણ કે ભૂમિ દાન કરે છે તે જાતકને મોક્ષની પ્રાપ્તિ થાય છે અને પુર્નજન્મ થતા તે વ્યક્તિ અપાર ધન અને જમીનનુ સામ્રાજ્ય પ્રાપ્ત કરે છે. કથા મુજબ વાત આવે છે કે ગરીબ વ્યક્તિ આ પુણ્યને કેવી રીતે પ્રાપ્ત કરી શકે છે. ન તો તેની પાસે ભૂમિ દાન કરવા માટે જમીન છે કે ન તો સુવર્ણ દાન કરવા માટે ઘરેણા છે. આવી સ્થિતિમાં તે આ પુણ્યને કેવી રીતે પ્રાપ્ત કરી શકે છે. પૌરાણિક ગ્રંથોના મુજબ પદ્મપુરાણમાં કહેવામાં આવ્યુ છે કે જો કોઈપણ વ્યક્તિ કામિકા એકાદશી વ્રત કરીને ભાવપૂર્વક ભગવાન વિષ્ણુની આરાધના કરે છે એ જાતકને સંપૂર્ણ પૃથ્વી દાન કરવા જેવુ પુણ્ય ફળ પ્રાપ્ત થાય છે.





સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે.પટેલ કેજી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં વૃક્ષારોપણ નો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું .જેમાં શિક્ષિકાઓએ બાળકોને પર્યાવરણ પ્રત્યે જાગૃત થાય અને વૃક્ષોનું મહત્વ સમજે તે હેતુ થી વૃક્ષારોપણ નો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષિકાઓએ બાળકોને વૃક્ષારોપણ માટે પ્રોત્સાહિત કર્યા .જેથી બાળકો આ પ્રવુતિમાં ઉત્સાહ પૂર્વક જોડાયા હતાં .



સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે.પટેલ કેજી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં સ્પોંચ એક્ટિવિટી કરવામાં આવી. જેમાં નાના નાના ભૂલકાં ઓએ નોટબુક માં સ્પોંચ ને કલર માં ડીપ કરીને અલગ અલગ ટ્રી, ફિશ, બટરફ્લાય સન, ટ્રેન વગેરે ડીઝ?ઈન બનાવી હતી અને બાળકોએ એક્ટિવિટી કરીને અનેરો આનંદ પ્રાપ્ત કર્યો.



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન સંસ્થા શ્રી માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સિસ એન્ડ રિસર્ચ, સેક્ટર ૨૩, ગાંધીનગર ખાતે જૂન ૨૦૨૩ માં એકસપર્ટ લેક્ચર નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાંચન કૌશલ્યના મહત્વ અને તેની વ્યૂહરચનાઓ પર નિષ્ણાંત ડો. રસિક તન્ના દ્વારા બીએસસી કેમેસ્ટ્રી/ માઈક્રોબાયોલોજી સેમેસ્ટર ૫ નાં વિદ્યાર્થીઓને લેક્ચર આપવામાં આવ્યું હતું, સેમેસ્ટર ૩ ના વિદ્યાર્થીઓને નિષ્ણાંત શ્રીમતી અર્ચના બારડ દ્વારા સંદેશા વ્યવહાર કૌશલ્ય વિષય પર લેક્ચર આપવામાં આવ્યું હતું તથા અનુસ્નાતકના કેમેસ્ટ્રીના વિદ્યાર્થીઓ માટે હાઈ પરફોર્મન્સ લિક્વિડ ક્રોમેટોગ્રાફી વિષય પર ડો. દિપેન ગાંધી દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

## ઓમ લેન્ડ માર્ક સ્કૂલ ચિલોડા ઓનલાઈન કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લાના મોટા ચિલોડા સ્થિત ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે શિક્ષણની ની સાથે સાથે સર્વાંગીણ વિકાસના હેતુસર અગ્રેસર એવી ઓમ લેન્ડમાં સ્કૂલ જે વિદ્યાર્થીઓના જીવનને ખીલવવા માટે અવનવા પ્રયોગ કરતી રહે છે તે હેતુ પ્રતિનિધિત્વથી એકસચેન્જ ઓફ એજ્યુકેશન એન્ડ અવર કલ્ચર થીમ પર જાપાન ની પ્રખ્યાત સ્કૂલ osaka gakugei high school અને ઓમ લેન્ડમાર્ક સ્કૂલે ગુજરાત અને ભારતનું પ્રતિનિધિત્વ કરતો ઓનલાઈન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભારતની સંસ્કૃતિ પ્રમાણે પ્રાર્થના, ગુજરાતનું લોક નૃત્ય ગરબો, ભારત વિશેની માહિતી ગુજરાત વિશેની માહિતી તેમજ ઓમ લેન્ડમાર્ક સ્કૂલ થકી વિદ્યાર્થીઓને આપવામાં આવતું ઈન્ટરનેશનલ શિક્ષણ પ્રણાલી તેમજ ભારતની શિક્ષણ પ્રણાલી તેમજ ભારતના સાંસ્કૃતિક મૂલ્યોનો વારસો વારસા વિશે તેની ઓનલાઈન રજૂઆત કરી હતી. સામે જાપાનીઝ સ્કૂલે પણ એમને સંસ્કૃતિ અને એમની શિક્ષણ પ્રણાલી વિશે પ્રશ્નોત્તારી અને વિડીયો દ્વારા શિક્ષણ પ્રણાલીની આપ લે કરી હતી. કાર્યક્રમના અંતે શાળાના વિદ્યાર્થીઓએ જાપાની શાળાના વિદ્યાર્થીઓને પ્રશ્નો કર્યા અને જાપાની શાળાના વિદ્યાર્થીઓએ કરેલા પ્રશ્નોના શાળાના બાળકોએ જવાબ આપી જાપાની શાળાને મંત્ર મુક્ત કરી દીધા હતા.

## ગાંધીનગર રોટરી ક્લબનો શપથવિધિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૧

રોટરી ક્લબ ગાંધીનગર નો ૯ જુલાઈએ શપથવિધિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.જેમાં ઈન્સ્ટોલેશન ઓફિસર તરીકે પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર ડૉ. શશાંક રાઠોડ, ઈન્સ્ટોલેશન ઓફિસર તરીકે આસિસ્ટન્ટ ગવર્નર પલક શાહ, જ્યારે અતિથિ વિશેષ તરીકે એસ.જે સોલંકી, ખેતી નિયામક ઉપસ્થિત રહ્યા હતા. રોટરી ક્લબ માં પ્રમુખ તરીકે ડૉ.આર.એ.શેરસિયા અને મંત્રી તરીકે અમિત ગોહેલ તેમજ રોટરી ક્લબ ના બોર્ડના તમામ રોટેરીઅન એ શપથ લીધા હતા. ચાલુ વર્ષે રોટરી દ્વારા અનેક સામાજિક, શૈક્ષણિક અને આરોગ્ય તથા પર્યાવરણ ને લગતી કામગીરી કરવામાં આવશે તેવો સંકલ્પ લેવામાં આવ્યો હતો. ચાલુ વર્ષે રોટરી ડિસ્ટ્રિક્ટ ઓફિસર તરીકે ગાંધીનગર ક્લબના રોટરીઅન કમલ કિશોર જૈન, જશવંત ગાંધી, દિનેશસિંહ ચાવડા, જોય બક્ષી,ડો. અજય ગોર કિરણભાઈ પટેલ અનેડો. ધર્મેન્દ્ર પટેલ ની વરણી કરવામાં આવી હતી તેમજ ડો. ધર્મેન્દ્ર પટેલ અને ડૉ. આર. એ શેરસિયા રોટરી ઈન્ટરનેશનલમાં પૌલ હેરિશ ફેલો બનવા ની સંમતિ આપીને ડોનેશન જાહેર કર્યુ હતું. સ્વાગત પ્રવચન ડો. જગદીશભાઈ પટેલ અને પ્રવૃત્તિ અહેવાલ ડો. પારસ ઉચાટ દ્વારા રજુ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ નું સફળ સંચાલન ડો.ધર્મેન્દ્ર પટેલ, ડૉ.નીના ગણેશન અને જશવંત ગાંધી દ્વારા કરવામા આવ્યુ હતું.

આભાર વિધિ સંસ્થાના મંત્રી અમિત ગોહિલે કરી હતી.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અંકિત જૈન, નીતિન પાદરીયા, રાકેશ પારેખ, ભારત જૈન, કુલદીપ જૈન, કેતન મહેતા, એન પી પટેલ, અલકાબેન પટેલ સહિત તમામ રોટરીઅનનો સહયોગ મળ્યો હતો આ કાર્યક્રમમાં સમગ્ર રોટરી પરિવાર તેમજ નગરના મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## નેશનલ મૂટ કોર્ટ સ્પર્ધામાં સિદ્ધાર્થ લૉ કોલેજના વિદ્યાર્થીઓ ઝળક્યા





ગાંધીનગર, તા. ૧૧

પારૂલ ઈન્સ્ટિટ્યુટ ઓફ લૉ પારૂલ યુનિવર્સિટી દ્વારા નેશનલ મૂટ કોર્ટ સ્પર્ધાનું આયોજન તા. ૬ થી ૮ જુલાઈ-૨૦૨૩ના દિવસોમાં રાખવામાં આવ્યુ હતુ. જેમાં સિદ્ધાર્થ લૉ કોલેજના ફાઈનલ ઈયરના વિદ્યાર્થીઓ ચૌહાણ જુગલ ભરત, જિગેશ કિશોર બાલપાંડે, સૌરવ ગિરીશભાઈ રાજગોર પ્રથમ રનરઅપ વિજેતા થયા હતા. જેમને ઈનામ રૂપે રૂ. ૨૫ હજાર અને ટ્રોફી આપવામાં આવી હતી. ચૌહાણ જુગલ ભરત બેસ્ટ એડવોકેટ મૂટર તરીકે વિજેતા થયા હતા જેમને ઈનામ તરીકે ટ્રોફી તેમજ રૂ. ૫૧૦૦ આપવામાં આવ્યા હતા. તથા આ વિદ્યાર્થીઓને બેસ્ટ મેમોરીયલનો ઈનામ અને રૂ. ૫૧૦૦ આપવામાં આવ્યુ હતુ. તેઓનું સન્માન ભારતના એડીશનલ સોલીસીટર જનરલ ઓફ ઈન્ડિયા એન. વેંકટરમનના વરદહસ્તે એનાયત કરવામાં આવ્યુ. સ્ટાફ દ્વારા તેમને અભિનંદન પાઠવ્યા હતા.

## ગજાનન સેવા સમિતિ દ્વારા નાસ્તાનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૧

દેવની મોરી, નવલપુર, કુસ્કી છાપરા તથા ત્રેપન છાપરાની નિશાળોમાં તાજેતરમાં બાળકોને ગજાનન સેવા સમિતિ દ્વારા નાસ્તો કરાવવામાં આવ્યો હતો. નાસ્તો રાધે, જય અંબે સે. ૨૨ તથા શિવાહમ ૧૬ તરફથી પ્રાપ્ત થયો હતો. મિલિન્દભાઈ, ભીમજીભાઈ વિગેરે કાર્યમાં સામેલ હતા.



## ગાંધીનગર મનપાની આરોગ્ય શાખા દ્વારા વિશ્વ વસ્તી દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૧

તા. ૧૧ જુલાઈ વિશ્વ વસ્તી દિવસ તરીકે ઉજવવામાં આવે છે જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા વિશ્વ વસ્તી દિવસ-૨૦૨૩ની થીમ આઝાદીના અમૃત મહોત્સવમાં અમે આ સંકલ્પ લઈશું કુટુંબ નિયોજનને સુખનો વિકલ્પ બનાવીશુ. આ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ગુરૂશિબિર, લઘુશિબિર, વક્તૃત્વ સ્પર્ધા, ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં પુરૂષ નસબંધી, સ્ત્રી નસબંધી વિશે સમજણ આપવામાં આવી હતી. આ ઉપરાંત બે બાળકો વચ્ચે અંતર રાખવાથી થતા ફાયદા, દિકરો તથા દિકરી એક સમાન, સ્ત્રી ભ્રુણ હત્યા અટકાવો વગેરે અગત્યના આરોગ્યલક્ષી સંદેશા પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

અર્બન હેલ્થ સેન્ટરો ખાતે કુટુંબ કલ્યાણ નિયંત્રણ બાબતની વિવિધ પદ્ધતિઓ વિશે સમજણ આપવામાં આવી હતી.

## આંગણવાડી કાર્યકર/ તેડાગર આરોગ્ય તપાસણી



ગાંધીનગર, તા. ૧૧

બીનચેપી રોગો જેવા કે બીપી, ડાયાબીટીસ, કેન્સર જેવા રોગના નિદાન તથા સારવાર માટે એનસીડી-નિરામય દિવસ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા અર્બન હેલ્થ સેન્ટર ખાતે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના તમામ આંગણવાડી કાર્યકરના તેડાગર બહેનોની આરોગ્યની તપાસણી કરવામાં આવી હતી. જેમાં તેઓના બીપી, ડાયાબીટીસ, વજન, ઊંચાઈ તથા કેન્સર સ્ક્રીનીંગ કરવામાં આવશે અને નિરામય હેલ્થ કાર્ડ પુરૂ પાડવામાં આવશે. આ ઉપરાંત દરેક આંગણવાડી બહેનોના એબીએચએ કાર્ડ કાઢી આપવામાં આવશે. સદર કેમ્પમાં ૧૦૦ જેટલા આંગણવાડી બહેનોનું હેલ્થ ચેકઅપ કરવામાં આવશે.

# 'મોબાઈલ વગર' નિવાસી તાલીમ શિબિર

## સર્વ વિદ્યાલય ખાતે મોબાઈલ વગર પાંચ દિવસીય નિવાસી તાલીમ શિબિર યોજાઈ





કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા યુવાનો માટે ૭૨મી પાંચ દિવસીય સર્વ નેતૃત્વ તાલીમ શિબિર યોજાઈ જેમાં સર્વ વિદ્યાલયની ૧૭ કોલેજના ૭૫ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ગુજરાતમાં ઉદ્દીપક તરીકે જાણીતા કપલ દિપકભાઈ તેરૈયા અને ઉમાબેન તેરૈયા દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે રમત, ચાર્ટ, વિડીયો, વાસ્તવિક બનેલી ઘટના દ્વારા નેતૃત્વની વિવિધ બાબતોનો સંચાર, ટીમમાં કઈ રીતે કામ કરવું, કેવી રીતે વ્યૂહરચના બનાવવી જેવી બાબતો આવરી લઈ સ્વનેતૃત્વ થી શરૂ કરી માનવ કલ્યાણ માટે શું કરી શકાય સુધીનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમના અંતે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ના ચેરમેન વલ્લભભાઈ પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપી પ્રેરણા પૂરી પાડી હતી સાથે ગુજરાતના જાણીતા લેખક અને પત્રકાર રમેશભાઈ તન્ના ઉપસ્થિત રહી પ્રસન્નતા પૂર્વક જીવન કેવી રીતે જીવી શકાય તે માટેની વાતો, જીવંત ઉદાહરણો અને અનુભવો યુવાનો સાથે રજૂ કર્યા હતા.

## જન્મદિને વધામણી



પી સી ઠાકર
મો. ૯૭૨૭૦ ૫૯૯૭૪



દીપક નગીનદાસ શાહ
મો. ૯૮૯૮૧ ૬૧૬૩૯



આકાશ નારણભાઈ પટેલ
વેસ્ટર્ન એગ્રી સીડ્સ પરિવાર



દિશા ગૌરાંગ પટેલ



કીથ ભાવેશ કાપડિયા



હરિઓમ સંજયભારતી ગૌસ્વામી



યુવરાજસિંહ વિનોદ રાઠોડ



રાકેશ શાહ



ડો. વિવેક વાછાણી



કિરણભાઈ પટેલ
રોટરી ક્લબ



સન્ની સુખડિયા



સંગીતા પ્રજાપતિ



યુગ જે પટેલ
મો. ૯૯૭૮૧ ૧૧૬૦૦